# જિલ્લા પંચાયતની તમામ ૩ બેઠકોના ૧૨ ઉમેદવારો જંગમાં

## વિજયનગરમાં તાલુકા પંચાયતની ૧૮ બેઠકો ઉપર ભાજપ-કોંગ્રેસ ૧૮-૧૮ અને બીટીપી'૧૧ અને આપના ૮ ઉમેદવારો

બાયડ,હિંમતનગર, તા.૧૬

આગામી ૨૮ મી ફેબ્રુઆરીના રોજ પાલિકાઓની સાથે જ સ્થાનિક સ્વરાજ તાલુકા-જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે ગઈકાલે ફોર્મ ચકાસણી પૂરી થયા પછી આજરોજ ફોર્મ પાછા ખેંચવાના દિવસે વિજયનગર તાલુકામાં જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો ઉપરના ૧૨ ઉમેદવારોમાંથી એકપણ ફોર્મ પરત ખેંચાયું નથી એમ જિલ્લા પંચાયત ચૂંટણી અધિકારી આર.બી. ખરડીએ જણાવ્યું હતું.

જયારે વિજયનગર તાલુકા પંચાયતની ૧૮ બેઠકો ઉપર ૫૬ માન્ય ઉમેદવારો પૈકી આજે એક અપક્ષ ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા આખા તાલુકામાં એકપણ બેઠક ઉપર કોઈ અપક્ષ. ઉમેદવાર ચૂંટણી જંગમાં નથી.

હવે વિજયનગર તાલુકાની ૧૮ બેઠકો ઉપરની વિગતો



આપતા ચૂંટણી અધિકારી અને મામલતદાર પી.જી.ચૌહાણ અને એ.કે. સોલંકીએ જણાવ્યું કે તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટેના ઉમેદવારો માટે આજે ફોર્મ પરત ખેચવાનો દિવસ હતો.જેમાં એક અપક્ષ ઉમેદવારે ઉમેદવારી પરત ખેંચતા હવે તાલુકા પંચાયતની ૧૮ બેઠકો ઉપર ૫૫ ઉમેદવારો ચૂંટણી લડશે.હવે તાલુકા પંચાયતની ૧૮ બેઠકો ઉપર પક્ષવાર ઉમેદવારોનીવિગતો જોઈએ તો બે રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસના ૧૮-૧૮ ઉમેદવારો મેદાનમાં રહે છે જયારે બીટીપીના ૧૧ અને આપના ૮ઉમેદવારો તાલુકા પંચાયતની ચૂંટણી લડશે.

જિલ્લા પંચાયતની પક્ષવાર વાત કરીએ તો વિજયનગરમાં જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો છે. જેમાં કણાદર બેઠક ઉપર ભાજપ, કોંગ્રેસ, આપ અને બિટીપીના ઉમેદવાર છે જયારે પરોસડાની જિ. પંચાયત બેઠક ઉપર ભાજપ, કોંગ્રેસ, આપ અને બિટીપીના ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે જયારે વિજયનગરની જિલ્લા પંચાયતની બેઠક ઉપર ભાજપ, કોંગ્રેસ,બીટીપી અને અપક્ષ એમ ચાર ઉમેદવાર મેદાનમાં રહે છે.




### ડીસાના વોર્ડ નંબર ૧૦માં સ્થાનિક લોકોએ બેનરો લગાવ્યા

ડીસા શહેરમાં આવેલી જોગ કૃપા સોસાયટી બાદ ગણેશ કૃપા સોસાયટીના રહીશો દ્વારા પણ નગર પાલિકાની ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે અને સ્થાનિક લોકો દ્વારા 'વોટ ના માંગવા આવવું' તેવા બેનરો પણ લગાવવામાં આવ્યા હતા. ડીસા નગર પાલિકાની હદમાં આવેલ વોર્ડ નંબર ૧૦ માં સ્થાનિક લોકોએ બાયો ચડાવી હતી . પાંચ વર્ષ દરમિયાન ચૂંટેલા કોર્પોરેટરોએ સ્થાનિક લોકોને આપેલ વચન અને વાયદાઓ પુરા કર્યા નહતા. જેથી ચૂંટણી ટાણે અકળાયેલા લોકોએ વોર્ડ નંબર ૧૦મા વોટ માંગવા આવવું નહીં તેવા બેનરો લગાવ્યા હતા સ્થાનિક લોકોએ પ્રબળ માંગ કરી હતી કે આ વખતે અમે ગત વખતે ચૂંટેલા કોર્પોરેટરોનો બહિષ્કાર કરીશું અને કોઈ વોટ માગવા આવશે તો તેનું અપમાન પણ કરવામાં આવશે તેવું સ્થાનિક લોકોએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું.

# હવન પૂજન કાર્યક્રમ યોજાયો : સમાજના ભાઈ-બહેનો સહિત ગ્રામજનો ઉપસ્થિત



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મહાદેવ પુરા ગામ ખાતે શ્રી ઉમિયા પરિવાર મહાદેવપુરા સંચાલિત શ્રી માર્કન્ડેશ્વર મહાદેવનો શિલાન્યાસ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ તાલુકાના મહાદેવ પુરા ખાતે આવેલ ૧૦૦ વર્ષ પુરાણ શ્રી માર્કન્ડેશ્વર મહાદેવ મંદિરનુ પુનઃ નવ નિર્માણ ને લઈને શિલાન્યાસ કાર્યક્રમ યોજાયો હતો જેમા કુષ્ણારામ આશ્રમ બોલુદરા પ્રખર અગ્નિહોત્રી શાસ્ત્રી વ્યાસપીઠ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી શિલાન્યાસ કાર્યક્રમ સહિત પૂજા વિધિ યોજાઈ હતી તો આ પ્રસંગે હવનનુ પણ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા નવ યજમાનોએ સહ પરિવાર લાભ લીધો હતો તો ગ્રામજનો તથા આજુબાજુના ગામજનો શિવભકતો ઉપસ્થિત રહ્યા હતા તો આ પ્રસંગે શ્રી ઉમિયા પરિવાર મહાદેવ પુરા તથા સમસ્ત ગ્રામજનો દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# ગણપત યુનિવર્સિટી ખાતે બે દિવસીય ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું ઓનલાઈન આયોજન

ગણપતવિદ્યાનગર, તા. ૧૬

હાઈટેક યુનિવર્સિટી તરીકેની ખ્યાતિ ધરાવતી ગુજરાતની પ્રથમ પંક્તિની ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન દ્વારા તાજેતરમાં એક આંતરરાષ્ટ્રીય કક્ષાના બે દિવસીય (વેબિનાર) ઓનલાઈન કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઓનલાઈન કોન્ફરન્સનો વિષય હતો ''કોમ્પ્યુટિંગ સાયન્સ, કોમ્યુનિકેશન એન્ડ સિક્યુરિટી''

આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સના એક અતિથિ વિશે તરીકે અમેરિકાના શિકાગોની કોમ્પ્યુટર સાયન્સ યુનિવર્સિટીના પ્રો. ડૉ. ઈયાન ટી. ફોસ્ટરે પણ ખાસ ઉપસ્થિત રહીને ''આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ફોર સાયન્સ'' જેવા પ્રવર્તમાન સમયના સૌથી વધુ પ્રસ્તુત એવા વિષય ઉપર વિગતે વિષદ છણાવટ કરી અન્ય સૌ ઉપસ્થિત અભ્યાસુઓને પ્રભાવિત કર્યા હતા.

બે દિવસીય કોન્ફરન્સમાં પ્રો. ડૉ. ઈયાન ફોસ્ટર ઉપરાંત કનેડાની યુનિવર્સિટી ઓફ વિન્ડસરના પ્રો. એમિરેટસ અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. અક્ષય અગરવાલે 'રિસેટિંગ ધી યુનિવર્સિટીઝ આફ્ટર કોવિડ-૧૯'' વિષય ઉપર, તો ઓસ્ટ્રેલિયાની ધી યુનિવર્સિટી ઓફ મેલબોર્નના 'ક્લાઉડ કોમ્પ્યુટિંગ એન્ડ ડિસ્ટ્રીબ્યુટેડ સિસ્ટેમ'ના ડાયરેક્ટર પ્રો. ડૉ. રાજકુમાર બુયાએ 'નિઓટેરિક ફ્રન્ટીયર્સ ઈન ક્લાઉડ એન્ડ એજ કોમ્પ્યુટરિંગ' વિષયે, કેન્દ્ર સરકારના ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના સાયન્ટિસ્ટ ડૉ. કે.કે. સાઉન્દ્રા પાંડિયને 'ઈમ્પેલર ફિઝિકલ સિસ્ટેમ' વિષયે તેમજ અમદાવાદ ઈસરોના પૂર્વ ડેપ્યુટી ડાયરેક્ટર એ.આર. દાસગુપ્તાએ સમાપન અવસરનુ સાર રૂપ વ્યાખ્યાન આપી અભ્યાસુ-સંશોધકોને માર્ગદર્શન આપ્યુ હતુ.

આ કોન્ફરન્સમાં યુનિ.ના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલે આશીર્વાદ પાઠવ્યા હતા તો પ્રો. ચાન્સેલર પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ સ્વાગત-સંબોધન કર્યુ હતુ. ફેકલ્ટીના એક્ઝિ. ડીન પ્રો. ડૉ. સત્યેન પરીખે તથા ડીન પ્રો. ડૉ. નિર્ભય ચૌબેએ કોન્ફરન્સ-કો-ઓર્ડિનેટ કરી તેને સફળ-સાર્થક બનાવી હતી.






### માણેકપુરા ગામે શ્રી મહાકાળી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા

ડીસા તાલુકાના માણેકપુરા ગામે શ્રી મહાકાળી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી કરવામાં આવી હતી. મહા સુદ -૪ ને સોમવારથી બે દિવસ સુધી આયોજિત પ્રાણ પ્રતિષ્ઠામાં સાંજે ભજન સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જે પ્રસંગે ગામમાં ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવી હતી આથી ગામમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો ચંડીસરા પરિવાર તરફથી આ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી તેમાં જાહેર માર્ગ પર શોભાયાત્રા નીકાળવામાં આવી હતી જેમાં ડીજેના તાલે સુરાવલી વચ્ચે સમગ્ર ગામમાં ભક્તિમય માહોલ છવાઈ જવા પામ્યો હતો ત્યારબાદ માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી તેમાં સરપંચ અને તમામ ગામના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



સેકટર-૫ યોગ પરિવાર દ્વારા નિયમિત રીતે યોગાસન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. મહામંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ યોગા કલાસમાં ભાગ લઈ વસાહતીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને યોગ શિક્ષણ આપતા નિવૃત્ત અધિકારીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં કોરોના રસીકરણનો બીજો ડોઝ અપાયો

હિંમતનગર, તા.૧૬

સાબરકાંઠા જિલ્લામાં કોરોના રસીકરણ અભિયાન અંતર્ગત ગત તા. ૧૬ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ વેક્સિનેશનનો પ્રથમ ડોઝ આપી જિલ્લામાં ર્કોિંદ્બ-૧૯ વેક્સિનેશનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ હિંમતનગર, સબ ડિસ્ટ્રિક હોસ્પિટલ ઈડર, ખેડબ્રહ્મા અને સામુહિક આરોગ્ય કેન્દ્ર વિજયનગર અને તલોદના નોંધાયેલા ૫૦૦ જેટલા લાભાર્થિઓ પૈકિ ૪૬૭ લાભાર્થીઓને કોરોના રસીનો



ડોઝ આપ્યા પછી ૨૮ દિવસ પૂર્ણ થતા ગાઈડલાઈન પ્રમાણે કોરોના રસીકરણના બીજા રાઉન્ડની શરૂઆત જિલ્લાના આરોગ્ય કેન્દ્રો પર કરવામાં આવી હતી. જેના ભાગરૂપે તા ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ બીજો ડોઝ લીધો હતો જેમાં ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના પ્રમુખ, સેક્રેટરી અને પ્રાઈવેટ ડોક્ટરોએ પણ બીજો ડોઝ લીધો હતો. સાથે લોકોને કોરોના રસી વિના સંકોચ લેવા માટે અપિલ કરી હતી.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૨૬૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૨૬૩ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૨૭૧ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૫૯,૬૫૫ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. આજે એક દિવસમાં ૩૫૫ કેન્દ્રો પર ૫,૨૯૩ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું. આ પ્રકારે કુલ ૮,૦૧,૯૧૨ વ્યક્તિઓનું રસીકરણ પુર્ણ થયું છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીની આડઅસર જોવા નથી મળી.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૭૦ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.

### બીજે દિવસે પણ... ● છેલ્લા પાનું ચાલુ

ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. આજે સંક્રમિત થનારાઓમાં આમજાની બેંક ઓફ ઈન્ડિયાના મેનેજરનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૩ માંથી ૪ કેસ અને સે. ૨૯ માંથી ૨ કેસ નોંધાયા છે. સેક્ટર-૨૯માં દાદા-પૌત્ર કોરોનાથી સંક્રમિત થયા છે અને તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

શહેરમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે પણ એક્ટીવ કેસની સંખ્યા ૭૦ થી નીચે હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

### બસ નહેરમાં... ● પહેલા પાનું ચાલુ

શોધખોળ ચાલુ છે. ઘટનાને પગલે મુખ્યમંત્રીએ નહેરનો પાણી રોકવાના આદેશ આપ્યા હતા. સાથે જ શિવરાજ સિંહે ચૌહાણે સીધીના કલેક્ટરને રેસ્ક્યૂ ઓપરેશન ઝડપ કરવા નિર્દેશ કર્યા છે.

સીએમના અનુસાર, બાળસાગર નહેર ઊંડી છે. અમે તત્કાલિક ડેમમાંથી પાણી બંધ કરાવ્યું. રાહત અને બચાવ ટીમને રવાના કરી અને કલેક્ટર, એસપી, એસડીઆરએફની ટીમ ટીમ ત્યાં છે. જ્યારે બસ કાઢવાના પ્રયાસ કરાઈ રહ્યાં છે. મળતી માહિતી પ્રમાણે, બસ નક્કી સમયે સવારે પાંચ વાગ્યે નીકળવાની હતી પરંતુ સવારે ત્રણ વાગ્યે જ રવાના થઈ ગઈ. જોકે, આનો માર્ગ પણ બીજો છે. પરંતુ આગળ ટ્રાફિક હોવાને લીધે ડ્રાઈવરે અચાનક રસ્તો બદલ્યો હતો અને સાત કિમી નવા રૂટ પર બસ લઈ ગયો હતો. આ દરમિયાન દુર્ઘટના બની હતી.

### આત્મહત્યા... ● પહેલા પાનું ચાલુ

નમસ્કાર હું છું સંદીપ નાહર તમે લોકોએ મને અનેક ફિલ્મોમાં જોયો હશે અને આજે આ વીડિયો બનાવવા પાછળ મારો એક ઉદ્દેશ્ય છે, પહેલા તો આપને સાંભળીને થોડું અજીબ લાગશે કે હું કેવી વાતો કરી રહ્યો છું, પરંતુ લાઈફમાં ઘણા બધા પ્રોબ્લેમ્સ છે, પરંતુ હું આજે સ્ટેબલ નથી, કારણ કે મારી વાઈફ કંચન શર્મા દોઢ બે વર્ષથી ટ્રોમામાંથી બહાર નથી આવી શકતો. હું તેને (કંચન શર્મા) સમજાવીને થાકી ગયો છું. ભૂતકાળની એક જ વાત રિપીટ કરવી, રોજ લડવું, ૩૬૫ દિવસમાંથી ૨૦૦ વાર આત્મહત્યાની વાતો કરવી. હું મરી જઈશ, તને ફસાવી દઈશ, તારી કારકિર્દી ખરાબ કરી દઈશ. હું ખૂબ જ ઈરિટેટ થઈ ચૂક્યો છું. સંદીપે વધુમાં કહ્યું, હું દરેક વખતે એને સમજાવું છું કે કંચન આવું ન કરાય, તેને સમજ તે મારા પરિવારને ગાળો આપે છે, મારી માતાને નફરત કરે છે હાલમાં એવો સમય આવી ગયો છે કે હું પરિવારનો ફોન નથી ઉઠાવી શકતો અને ઘણી બધી ચીજો છે, જે ખરાબ થઈ ચૂકી છે અને એટલી ખરાબ થઈ ચૂકી છે કે હું હવે સહન નહીં કરી શકું. કામને લઈને મુંબઈમાં એટલો સ્ટ્રેસ હોય છે, દરેક ચીજને લઈને સ્ટ્રેસ હોય છે. કામનો સ્ટ્રેસ પણ સહન કરી શકાય છે.

### તંબૂ-બંકર ઉપાડ્યા... ● પહેલા પાનું ચાલુ

પેન્ગોગ લેકની પાસે વિવાદ પર સમજૂતી થઈ ગઈ છે અને બંને દેશની સેનાઓ પોતાના સૈનિકોને પાછળ હટાવશે. રક્ષા મંત્રીએ એલાન કર્યું હતું કે ભારત અને ચીન બંનેએ નક્કી કર્યું છે કે એપ્રિલ ૨૦૨૦ પહેલાની સ્થિતિને લાગુ કરવામાં આવશે, જે નિર્માણ અત્યાર સુધીમાં કરવામાં આવ્યું છે તેને હટાવી દેવામાં આવશે. જે જવાનોએ પોતાના જીવ આ દરમિયાન ગુમાવ્યા છે તેમને દેશ હંમેશા સલામ કરશે. સમગ્ર ગૃહ દેશની સંપ્રભુતાના મુદ્દે એક સાથે ઊભું છે. રાજ્યસભામાં નિવેદન આપતા રાજનાથ સિંહે કહ્યું હતું કે, ભારતે સ્પષ્ટ કર્યું છે કે એલએસીમાં કોઈ ફેરફાર ન થાય અને બંને દેશોની સેનાઓ પોતપોતાના સ્થળે પહોંચી જાય. આપણે એક ઈંચ જમીન પણ કોઈને નહીં લેવા દઈએ. રક્ષા મંત્રીએ કહ્યું કે પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાને લઈ બંને દેશો વચ્ચે સમજૂતી થઈ ગઈ છે અને સેનાઓ પાછળ હટશે. ચીન પેન્ગોગ ફિંગર ૮ બાદ જ પોતાની સેનાઓ તૈનાત કરશે. ૧૦ મહિનાથી ચાલી રહેલા ઘર્ષણને લઈ રાજ્યસભામાં રાજનાથ સિંહે કહ્યું કે અમે નિયંત્રણ રેખા પર શાંતિપૂર્ણ સ્થિતિ કાયમ રાખવા માટે પ્રતિબદ્ધ છીએ. ભારતે હંમેશા દ્વીપક્ષીય સંબંધોને મજબૂત રાખવા પર ભાર મૂક્યો છે. તેઓએ કહ્યું કે ભારતે ચીનને હંમેશા એવું કહ્યું છે કે બંને દેશોના પ્રયાસોથી જ દ્વીપક્ષીય સંબંધો સુધરી શકે છે.

# ચિલોડા-ડભોડા ત્રણ રસ્તા પર અજાણ્યા વાહનની ટક્કરથી રિક્ષાચાલકનું મોત, ત્રણને ઈજા



ચિલોડા-દહેગામ જતા માર્ગ પર સવારે ચિલોડા-ડભોડા ચોકડી ત્રણ રસ્તા પાસે એક અજાણ્યા વાહનચાલકે મુસાફરો ભરેલ રીક્ષાને ટક્કર મારતાં સર્જાયેલા ગંભીર અકસ્માતમાં રીક્ષાચાલક શનાભાઈ કાળાભાઈ રાવળ (રહે. મગોડી)નું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. આ અકસ્માતમાં રીક્ષામાં એક મહિલા સહિત ત્રણ મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોમાં વિનોદભાઈ રામાભાઈ દંતાણી, શૈલેષ નાગજીભાઈ દંતાણી, હંસાબેન દંતાણી ત્રણેય મગોડી ગામના રહેવાસી હતા.

### દુઃખદ અવસાન

બાયડના બાબુલાલ શર્મા, દિલીપભાઈ શર્મા, રમેશભાઈ



શર્મા (મુન્નાભાઈ)ના પિતા ઈશ્વરલાલ શર્માનું નિધન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૮-૨-૨૦૨૧, ગુરુવારે બપોરે ૧૨.૦૦ થી ૬.૦૦ અમારા નિવાસસ્થાન, ગાબટ રોડ, બાયડ ખાતે રાખેલ છે.